અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૫૭૨ -
૫૬૦૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અંગે BISAGના માધ્યમથી તાલીમ આપવા બાબત.
સંદર્ભ:-અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૩૬૨-૯૭ તા.૦૪/૧૨/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મૂકવા અંગેની જાણ કરવામાં આવેલ હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ અને ૧૧ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા **BISAGના માધ્યમથી જીવંત પ્રસારણનો કાર્યક્રમ તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે** કરવામાં આવશે. આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકો દ્વારા નિહાળવામાં આવે માટે આપના તાબાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા વિનંતી.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

ક્રમાંક / ૮૩૦૫૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ - ૨૭ - ૧૨ - ૨૦૧૮

૦૨/- નકલ રવાના અર્થે તથા અમલ સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી-બિનસરકારી
બનાસકાંઠા શાળાઓ તમામ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.